# કલાને કોઈ નિશ્ચિત નિયમ નથી હોતા
# કલા એટલે સ્વતંત્રતા અને કલ્પના



(તસવીર : કુંતલ નિમાવત)

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૮

'કલાને કોઈ નિશ્ચિત નિયમ નથી હોતા, કલા એ તો સ્વતંત્રતા છે, કલા એ તો કલ્પના છે. અલબત્ત, કલા અને તેના પ્રદર્શનમાં પણ મર્યાદા જળવાવી જોઈએ. માત્ર કલામાં નહીં, જીવનના દરેક ક્ષેત્રમાં અતિરેક ન હોવો જોઈએ.'

હિન્દી ફિલ્મોના ખ્યાત સર્જક ગોવિંદ નિહલાનીએ આજે આ શબ્દો ગાંધીનગરમાં ઉચ્ચાર્યા હતા.

ગાંધીનગરના પાદરે સ્થિત સિટી પલ્સ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફિલ્મ ઍન્ડ ટૅલીવિઝનના ઉપક્રમે આજથી આરંભાયેલા ત્રણ દિવસના સાહિત્યોત્સવ અંતર્ગત પ્રથમ દિવસના અંતિમ સત્રમાં ગોવિંદ નિહલાની સાથે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું, જે દરમ્યાન તેમણે પોતાની આ લાગણી વ્યક્ત કરી હતી.

ગોવિંદ નિહલાની દ્વારા નિર્દેશિત ત્રણ ફિલ્મો 'તમસ', 'હજાર ચૌરાસી કી મા' અને 'પાર્ટી'ના સંદર્ભે આ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્તાલાપ દરમ્યાન 'તમસ' ફિલ્મની બે ક્લિપ્સ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી, જેને લગતા પ્રશ્નો પણ વાર્તાલાપના અંત ભાગમાં શ્રોતાઓએ ગોવિંદ નિહલાનીને પૂછ્યા હતા અને ગોવિંદજીએ બહુ સરળતાથી ને સંતોષકારક રીતે તેના જવાબો પણ આપ્યા હતા.

અનવર જમાલ દ્વારા ઈન્ટવ્યૂના પરિપ્રેક્ષ્યમાં આ વાર્તાલાપનું સંચાલન કરવામાં આવ્યું હતું, તેમના દ્વારા વાર્તા, સંગીત, કૅનવાસ, ફિલ્માંકન વગેરે પાસાઓને લગતા સવાલો ગોવિંદજીને પૂછવામાં આવ્યા હતા અને ગોવિંદજીએ પોતાના અનુભવને આધારે તેના જવાબો આપ્યા હતા.

એક પ્રશ્નનો જવાબ આપતાં ગોવિંદજીએ જણાવ્યું હતું કે, ટૅક્ષ્ટ (શબ્દો, વાર્તા) એ ખાણ છે, જેમાંથી ઘણો મોટો ખજાનો પ્રાપ્ત થાય છે. આ એ ખાણ છે જેમાંથી સર્જકોને મોતી મળે છે. મતલબ કે શબ્દોમાંથી જ સર્જકને દ્રષ્ટિ મળે છે, કલ્પના મળે છે, વસ્ત્ર પરિધાન, કલર, આર્કીટેક્ચરલ ઍલિમેન્ટ, કૅનવાસ વગેરેની કલ્પના મળે છે. પોતાનું સર્જન કેવું થશે એ આખું ચિત્ર સર્જકને શબ્દોથી જ મળી જાય છે. માટે શબ્દો એ ખાણ છે એ યાદ રાખવું જોઈએ.

આર્ટ ફિલ્મના સંદેશને મજબૂત બનાવવા માટે શું કરવું જોઈએ ? એવા એક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે 'વિષય પ્રત્યે પ્રામાણિકતા જાળવવી જોઈએ. વિષયમાં જે સૂર હોય - સુખદ કે દુખદ - એ જાળવવો જોઈએ, એને અનુરૂપ સર્જન કરવું જોઈએ, તો સંદેશને ચૉક્કસપણે મજબૂત બનાવી શકાય.'

'મારી ફિલ્મો વર્તમાન પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં હોય છે. ભલે મેં વાર્તા કોઈ જૂની પસંદ કરી હોય પણ તેનો સંદર્ભ, તેની ઘટના વર્તમાન સાથે સુસંગત હોય એવી જ રીતે મેં સર્જન કર્યું છે' એમ જણાવતાં ગોવિંદજીએ જણાવ્યું હતું કે તેંદુલકરજીની માત્ર ૧૦ પેજની વાર્તા કે જેમાં આદર્શવાદી બાપ અને દીકરાની વાત છે એ પરથી 'અર્ધ સત્ય' ફિલ્મનું સર્જન એમણે કર્યું હતું. મૂળ વાર્તા અનુસાર ત્રણ-ચાર દ્રશ્યો જ ફિલ્મમાં હતાં, બાકી આખી ફિલ્મ કાલ્પનિક હતી. પરંતુ, તેમ છતાં તત્કાલિન ઊભરી રહેલા અન્ડવર્લ્ડ સાથે તે સુસંગત હોવાથી તેને પ્રતિસાદ મળ્યો હતો.

'સાહિત્ય માટે મારો આદર ઘણો વધારે છે અને સાહિત્યની સારી રચના એ ખજાના જેવી છે. એમાંથી ઘણું સારું સર્જન થઈ શકે. હા, એને સમજવી કેવી રીતે, કૃતિ દર્શાવવી કઈ રીતે એ માટેનો દરેકનો દ્રષ્ટિકોણ અલગ હોય છે. પણ તેમ છતાં હું એમ કહીશ કે ઍડોપ્શન ઈઝ એ ગ્રેટ પ્લેઝર.'

## આને કહેવાય દીવા તળે અંધારું !
# ગાંધીનગરની સરકારી શાળાઓનાં શરમજનક પરિણામ
## સરકારી શાળાઓનું સંચાલન સેવાભાવી સંસ્થાઓનો આપવાનો સમય પાકી ગયો છે

ગાંધીનગર, તા. ૮

રાજ્યમાં આજે વિદેશની યુનિવર્સિટીઝનાં કૅન્દ્રો ખૂલવાની વાતો ચાલી રહી છે ને સ્થાનિક વિદ્યાર્થીને વિશ્વ કક્ષાના વિદ્યાર્થી બનાવવાનાં સ્વપ્નો જોવાઈ રહ્યાં છે એ જમાનામાંય ગાંધીનગર શહેરમાં ચલાવવામાં આવતી સરકારી માધ્યમિક શાળાઓનાં પરિણામ શરમજનક કહી શકાય એવાં આવે એને પ્રગતિ કહેવી કે અધોગતિ ?

એક જમાનો હતો જ્યારે ગાંધીનગરમાં સરકારી શાળાઓનો દબદબો હતો, ગાંધીનગરની સરકારી શાળાઓમાં અભ્યાસ કરવા માત્ર શહેરમાંથી જ નહીં, પરંતુ જિલ્લાનાં ગામોમાંથી પણ ઢગલાબંધ વિદ્યાર્થીઓ આવતા. અને હવે ? શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા જોઈનેય શરમ ઉપજે છે.

સૅક્ટર-૧૬, સૅક્ટર-૧૨ કે સૅક્ટર-૨૯ની સરકારી માધ્યમિક શાળાઓમાં એવા પ્રવીણ અને નિષ્ઠ અધ્યાપકો ફરજ બજાવતા કે જેમના નામથી જાણે શાળાઓ ચાલતી. અમુક સાહેબ તમુક સ્કૂલમાં છે એટલે ત્યાં જ ઍડમિશન લેવાય, આ વિષયમાં તે સાહેબ છે એટલે વિદ્યાર્થીને વાંધો જ નહીં આવે એવું માનીને અનેક વિદ્યાર્થીઓએ સરકારી વિદ્યાલયોમાં પ્રવેશ મેળવ્યા છે અને એમની એ માન્યતાઓ સાચી પણ ઠરી છે. વિશ્વાસની કસોટી પર આ નિષ્ઠ અધ્યાપકો ખરા પણ ઊતર્યા છે.

સરકારી શાળાઓમાં અભ્યાસ કરીને પણ પોતાની પસંદગીની કારકિર્દી બનાવી શક્યા હોય અને એમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા હોય એવા અસંખ્ય લોકો આજે ગાંધીનગરમાં જ જોવા મળે છે. એ જ પરિણામો આપનારી શાળાઓ આજે ક્યાં છે ?

આખા રાજ્યનો વહીવટ કરતી રાજ્ય સરકાર ગાંધીનગરમાં બિરાજે છે, રાજ્યનો વહીવટ કરતા શિક્ષણમંત્રી ને મુખ્યમંત્રી પણ ગાંધીનગરમાં જ રહે છે ને રાજ્યભરના શિક્ષણના પ્રવાહો બદલતી જાત-જાતની કચેરીઓ પણ ગાંધીનગરમાં જ કાર્યરત છે. તેમ છતાં સરકારી શાળાઓનાં પરિણામ ? બિલકુલ શરમ આવે તેવાં આવે છે એને કોની નિષ્ફળતા ગણવી ?

સરકારી વિદ્યાલયોનાં મકાનો મોટાં છે, સગવડવાળાં છે ને સરકારે અનેક ચાળણીએ ચાળીને પસંદ કર્યા હોય એવા અધ્યાપકો પણ છે આ શાળાઓમાં. પણ તોય પરિણામ નથી એ આશ્ચર્યની વાત નથી ! અધ્યાપકો ભલે કહેતાં હોય કે અમારે ત્યાં વિદ્યાર્થી નથી, એટલે પરિણામ નથી આવતાં. પણ હકીકત તો એ છે કે પરિણામ નથી એટલે જ વિદ્યાર્થીઓ નથી આવતા !

સરકારી શાળાના અધ્યાપક તરીકે આરામની નૉકરી કરતા, જાતજાતની ટ્રેનીંગોમાં જતા ને તગડો પગાર મેળવતા અધ્યાપકોનાં સંતાનો શહેરની કહેવાતી શ્રેષ્ઠ એવી ખાનગી શાળાઓમાં અભ્યાસ કરે છે એ સૌથી વધારે શરમજનક બાબત છે. અધ્યાપક પોતે જ જાણે છે કે પોતે શું ભણાવે છે અને પોતાની શાળાના અન્ય શિક્ષકો શું ભણાવે છે ? તેથી એ પોતાનાં સંતાનોને પોતાની સ્કૂલમાં નથી ભણાવતા અને જે વખાના માર્યા અહીં ભણવા આવે એમનાં પરિણામો ? સાથેનું બૉક્સ જોઈ લેવાથી સમજાઈ જશે. વર્ષ ૨૦૧૨ દરમ્યાન ઍસઍસસીના પરિણામના આંકડા આપ્યા છે આ બૉક્સમાં. સરેરાશ પરિણામ માત્ર બાવીસ ટકા થાય છે ! અને દરેક શાળામાં પાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી ? આંગળીના વેઢે ગણી શકાય એટલી જ, જરાય વધારે નહીં !

### સરકારી શાળાઓના ધોરણ-૧૦નાં પરિણામ

| શાળાનું નામ | પરીક્ષામાં બેઠા | ઉત્તીર્ણ | પરિણામ (ટકા) |
|---|---|---|---|
| સરદાર પટેલ વિદ્યાલય સૅક્ટર-૭ | ૧૨૦ | ૧૩ | ૧૦.૮૩ |
| સ્વામી વિવેકાનંદ વિદ્યાલય સૅક્ટર-૧૨ | ૨૮ | ૦૫ | ૧૮.૦૦ |
| મહારાણા પ્રતાપ વિદ્યામંદિર સૅક્ટર-૨૭ | ૫૩ | ૧૫ | ૨૮.૧૫ |
| આર્યભટ્ટ વિદ્યાલય સૅક્ટર-૨૨ | ૩૫ | ૧૧ | ૩૧.૪૨ |
| ઝાંસીની રાણી વિદ્યાલય સૅક્ટર-૨૯ | ૪૦ | ૦૪ | ૧૦.૦૦ |
| વીર ભગતસિંહ વિદ્યામંદિર સૅક્ટર-૨૪ | ૩૧ | ૦૬ | ૧૮.૦૦ |
| ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય પાલજ | ૪૭ | ૨૩ | ૪૮.૯૩ |
| મહાત્મા ગાંધી વિદ્યાલય સૅક્ટર-૧૬ | ૫૮ | ૧૦ | ૧૭.૨૪ |
| સુભાષચંદ્ર બોઝ વિદ્યામંદિર સૅક્ટર-૨૦ | ૪૩ | ૧૪ | ૩૩.૩૩ |
| કુલ | ૪૫૫ | ૧૦૧ | ૨૨.૨૦ |

આવાં કંગાળ પરિણામો માટે જવાબદાર કોણ અને ભૂલ કોની ? એવા સવાલ તો સરકારી તંત્રમાં પૂછાય જ નહીં. કારણ કે એના માટે તો પાછી સમિતિ બેસાડવી પડે જે ખર્ચ અને સમય એટલો કાઢે કે આવા તો અનેક વિદ્યાર્થીઓના અભ્યાસના ખર્ચ નીકળી જાય કે અન્ય અનેક વિદ્યાર્થીઓના ભવિષ્ય અંધકારમય બની જાય.

એના કરતાં હવે સુધારી શું શકાય છે ? એ વિચારવું રહ્યું. કૂદકે ને ભૂસકે વધી રહેલી ઈન્ટરનેશનલ સ્કૂલ્સની વચ્ચે સામાન્ય વિદ્યાર્થીઓના અભ્યાસ માટે સરકારી સ્કૂલ્સ સિવાય કોઈ આરો જ નથી એટલે આવી સ્કૂલ્સ ટકે એ પણ જરૂરી છે. પરંતુ, જો ખાનગી સંચાલનના હાથમાં એ ગઈ તો એનુંય ખાનગીકરણ થયા વિના રહેશે નહીં. એ કારણે સુયોગ્ય ઉપાય એ છે કે શિક્ષણના ક્ષેત્રમાં પ્રવૃત્ત સેવાભાવી સંસ્થાઓ, ટ્રસ્ટોને આવી સ્કૂલ્સની જવાબદારી સોંપી દેવી.

અંકુશ સરકારનો ભલે રહે, પણ સંચાલન અનુભવીને સોંપવામાં આવશે તો ખરેખર પરિણામોમાં અવશ્ય ફેર પડશે.

મોંઘવારીના ખપ્પરમાં સામાન્ય વિદ્યાર્થીઓનાં ભવિષ્ય હોમાય એ પહેલાં રાજ્ય સરકારે જાગવાનો સમય પાકી ગયો છે. બહુ મોટાં કામો કર્યાં, બહુ મોટી યોજનાઓ કરી ને બહુ મોટી પ્રતિષ્ઠાય પામ્યા. કરોડોનાં કામો કર્યાં ને કરોડો માટે વિકાસ પણ કર્યો. ઘણું કર્યું, ઘણું મોટું કર્યું. હવે નાનું ને પાયાનું કામ કરવાનો સમય પાકી ગયો છે. શિક્ષણ થકી જ સામાન્ય માણસનો વિકાસ કરી શકાશે એ કોઈપણ તંત્રને સમજાવવાની જરૂર છે ખરી ? હવે ખરેખર સામાન્ય માણસો માટે કંઈક કરવું હોય તો આ કરવા જેવું છે.

## જયપ્રકાશ વિદ્યાલયનું ઍસઍસસીનું ૭૦.૭૬ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સેકટર-૨૬માં આવેલી જયપ્રકાશ વિદ્યાલયનું માર્ચ ૨૦૧૨ની એસ.એસ.સી. પરીક્ષાનું વાર્ષિક પરિણામ ૭૦.૭૬ ટકા આવ્યું છે. શાળાના ધોરણ-૧૦ના ૬૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૪૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ધોરણ-૧૦ની દુર્ગાકુમારી પ્રજાપતિએ ૮૪.૨૦ ટકા પ્રાપ્ત કરીને શાળામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. શશાંતકુમાર પટેલે ૮૦.૪૦ સાથે દ્વિતીય નંબર અને સાગર દેસાઈએ ૮૦.૨૦ ટકા સાથે ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો છે. શાળા પરિવારે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા છે.

# પેપરમાં ખાનગી પ્રકાશનોમાંથી પ્રશ્નો પૂછનાર અધ્યાપક દંડાશે
## અધ્યાપક મંડળના સૂત્રો કહે છે કે યુનિવર્સિટીની લગામ જરૂરી

અમદાવાદ, તા.૮

ગુજરાત યુનિવર્સિટીની ગત માર્ચ-એપ્રિલ ૨૦૧૨માં લેવાયેલી કોમર્સ સ્નાતકની પરીક્ષામાં ખાનગી પ્રકાશનમાંથી પેપર પૂછવાની ઘટનામાં કુલપતિએ જણાવ્યું હતું કે ખાનગી પ્રકાશનોમાંથી બેઠેબેઠુ પેપર પૂછનાર એનડી શાહ સહિત અધ્યાપકોને નોટીસ અપાશે અને ભવિષ્યમાં દંડ સહિતની કડક કાર્યવાહી કરાશે. ગુજ. યુનિ.ની ગત માર્ચ-એપ્રિલ ૨૦૧૨માં લેવાયેલી કોમર્સ સ્નાતકની પરીક્ષામાં બે પેપર ખાનગી પ્રકાશનમાંથી પૂછાયા હતા. આ પેપર સેટર અધ્યાપક એનડી શાહ સામે તપાસ કમિટી પણ નિમી હતી. આ તપાસ કમિટીએ આપેલા અહેવાલ અંગે પૂછતા કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ખાનગી પ્રકાશનમાંથી પૂછનાર અધ્યાપકને નોટીસ ફટકારવામાં આવશે. અધ્યાપક એનડી શાહ સહિતના અધ્યાપકો એનડી શાહ સહિતના અધ્યાપકો હવે પછી ખાનગી પ્રકાશનમાંથી પેપર પૂછશે તો દંડ સહિત કડક કાર્યવાહી કરાશે. તેમને પરીક્ષા કામગીરીમાંથી દૂર કરાશે.

# મૅનેજમેન્ટ ક્વોટા ફાળવણી સામે આંદોલનની ચેતવણી

અમદાવાદ, તા. ૮

ગુજરાત યુનિવર્સિટીની એફવાય બીકોમ પ્રવેશ કમિટિએ બીકોમ કોલેજોને ૧૫૦માંથી ૩૦ બેઠકો મેનેજમેન્ટ ક્વોટા હેઠળ ભરવા આપવાના નિર્ણય સામે વિદ્યાર્થી સંગઠને આજરોજ આવેદનપત્ર આપી ઉગ્ર આંદોલનની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં લેવાયેલા નિર્મય સામે કુલપતિએ નારાજગી પણ વ્યક્ત કરી છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહ પછી એફવાય બીકોમમાં પ્રવેશ માટે ગુજ. યુનિ. સંલગ્ન કોમર્સ કોલેજોમાં તા. ૧૮મીથી પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થાય છે. આ પૂર્વે પ્રવેશ નિતી ઘડવા મળેલી એફવાય બીકોમની પ્રવેશ કમિટીમાં ઉપકુલપતિ અધ્યક્ષ સ્થાને હતા. આ સિવાય સીન્ડીકેટ સભ્ય ગૌરાંગ પટેલ, નિતીન ડી. શાહ, દિગ્વીજયસિંહ ગોહિલ અને ગીરીશ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સભ્યોની ઉપસ્થિતમાં એફવાય બીકોમ કોમર્સ કોલેજોમાં ૧૫૦માંથી ૩૦ બેઠકો મેનેજમેન્ટ ક્વોટા હેઠલ કોલેજોને સોંપવાનો નિર્ણય કરાયો હતો. જો કે આ નિર્ણય સામે કુલપતિએ નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે પોતાના છ વર્ષના કાર્યકાળ દરમિયાન કોલેજોને મેનેજમેન્ટ ક્વોટા સોંપાયા નથી. જેથી આ નિર્ણય યોગ્ય નથી. આજે મળેલા આવેદનપત્ર અંગે કમિટિના સભ્યો સમક્ષ લાગણી વ્યક્તી કરીશ. બીજીબાજુ આજે આ નિર્ણય સામે એબીવીપીએ વિરોધ વ્યક્ત કરી કુલપતિ અને ઉપકુલપતિને આવેદનપત્ર આપી આ નિર્ણય રદ કરવા ઉગ્ર રજૂઆત કરી હતી. એક સપ્તાહમાં નિર્ણય નહી લેવાય તો આંદોલનની ચિમકી પણ ઉચ્ચારી છે. ઉપકુલપતિ ડૉ. મુકુલ શાહને પૂછતા તેમણે જણાવ્યું હતું અત્યારસુધી ૧૦ ટકા બેઠકો મેનેજમેન્ટ ક્વોટા પાછળથી ભલામણોથી બેઠક ભરાતી હતી. આ વખતે પહેલેથી જ ૨૦ ટક બેઠકો ફાળવી દીધી છે.

# ગુજરાત સહિત બાર રાજ્યોમાં હરસ-મસાના ૧ ૨૦૦ કૅમ્પ દ્વારા દોઢ લાખ દર્દીઓના નિઃશુલ્ક ઑપરેશન કરી તબીબી સેવા ક્ષેત્રે નવો રાહ ચિંધતા ડૉ. કૃષ્ણાનંદ ચિતણીયા

### આગવો માણસ-આપણો માણસ
- કિશોર જીકાદરા


પ્રવેશની મૉસમ પૂરબહારમાં ખીલી છે. સૌ કોઈ પોતાનું સંતાન ડૉક્ટર યા તો ઍન્જિનીયર થાય તેવું ઈચ્છી રહ્યા છે. ઍન્જિનીયર થઈને દેશસેવા અને ડૉક્ટર થઈને માનવ સેવામાં નિમિત્ત બની શકવાની ભાવના ભાગ્યે જ કોઈ માતાપિતાની હશે ! હશે કેવળ ભાવિ સુખસાહ્યબી અને બેસુમાર સંપત્તિનો ખ્યાલ ! કારણ દીવા જેવું સ્પષ્ટ છે. સેવાની ભાવનાથી ભવિષ્ય ચિતરી તો શકાય છે પણ તેમાં રંગો ભરી શકાતા નથી ! મીઠા આદર્શ અને કડવી વાસ્તવિકતા વચ્ચેની ખાઈની પહોળાઈથી બધા વાલીઓ વાકેફ છે ! પણ વાલીઓએ સમજી લેવાની જરૂર છે કે વિચારો લાદવાના નહીં પણ વાવવાના હોય છે ! વાલીઓ જે વિચારે તે, ખરેખર તો વિદ્યાર્થીએ જ વિચારવાનું હોય છે. અઢાર વર્ષના તરવરિયા યુવાન કૃષ્ણાનંદે પણ આજથી સાઠ વર્ષ પહેલાં પાકું વિચારી લીધું હતું : બસ, થવું તો ડૉક્ટર જ !

શ્રીમાળી સોની પરિવારનો આ દીકરો પાકો ગણતરીબાજ હતો ! તેણે જોયું કે તબીબી વ્યવસાયમાં પૈસો ય છે અને પવિત્રતા ય છે, સ્વાર્થ છે અને પરમાર્થ પણ છે, ધંધો ય છે ને ધર્મ પણ છે ! તો શા માટે ડૉક્ટર ન બનવું ? ઍલિસબ્રિજથી સિવિલ જતો રસ્તો પકડી લીધો. ગુજરાત કૉલેજમાંથી ૧૯૫૨માં ઈન્ટરસાયન્સ પાસ કરી, કૃષ્ણાનંદે બી જે મૅડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ૧૯૫૯થી તે ડૉ. કૃષ્ણાનંદ કહેવાતા થયા. હજી કશુંક ખૂટતું લાગ્યું. કદાચ આ ડૉક્ટરના દિલમાં ઊંડે ઊંડે સર્જન કહેવડાવવાની ખ્વાહેશ દબાઈને પડી હતી. અધૂરાં સ્વપ્નો કે તૂટેલા અરમાન સાથે જીવવું કોને ગમે ? ડૉ. કૃષ્ણાનંદને તો ન જ ગમ્યું. સર્જન પણ બની ગયા. જે બનવું હતું તે બની ગયાનો સંતોષ અને જે કરવું હશે તે કરાશે તેનો ઉત્સાહ ડૉ. કૃષ્ણાનંદના ચિત્તને પુલકિત કરતો રહ્યો. સેવા સાથે મેવાનાં સ્વપ્નો રાતે પણ ઊંઘવા દેતા નહોતા. મોટા નામ સાથે મબલખ દામના દ્વાર હવે પૂરેપૂરાં ઉઘડી ગયાં હતાં. છાતી કાઢીને ફરવાના દિવસો હતા. સિવિલ હૉસ્પિટલ, અમદાવાદમાં રેસિડેન્ટ હાઉસ સર્જન અને તાત્કાલિક સારવાર વિભાગના ડૉક્ટરનો બે વર્ષનો અનુભવ લીધો. પોતાની જ કૉલેજમાં સર્જન થવાની તીવ્ર ઈચ્છા કોઈ પ્રકારે ન સંતોષાતા, નારાજ થયેલા આ ડૉક્ટર પિતાજીની પરવાનગી લઈને ઊડ્યા સીધા ઈંગ્લેન્ડ તરફ ! વાઢકાપ તરફ રસ-રૂચિ હતી અને ઠીકઠીક અનુભવ પણ હતો. ૧૯૬૨થી ૧૯૬૪ દરમ્યાન ઈંગ્લેન્ડની વિવિધ હૉસ્પિટલોના ઓર્થોપેડિક વિભાગમાં રેસિડેન્ટ હાઉસ સર્જન, રેસિડેન્ટ હાઉસ ફિઝીશયન અને સિનીયર હાઉસ સર્જનની જવાબદારીવાળી જગ્યાઓ ઉપર કામ કરવાનો વિશેષ અનુભવ પ્રાપ્ત કર્યો. ડૉ. સુવીણા એમબીબીએસ પછી ગાયનેકોલોજીના અભ્યાસાર્થે લંડન આવ્યા. એક તબીબને તબીબ પત્ની મળે તેનાથી બીજો સંયોગ કયો હોઈ શકે ? આ લગ્નમાં તે વખતના બ્રિટનના હાઈકમિશનર અને એક વખતના ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાની ઉપસ્થિતિનું આ ડૉક્ટર દંપતિને આજે પણ ગૌરવ છે ! ૧૯૬૪થી ૧૯૬૬ સુધી લંડનની વૉર મૅમોરિયલ હૉસ્પિટલમાં ઓર્થોપેડિક વિભાગના રજિસ્ટ્રાર તરીકે કામ કરવાની તક મળી. ૧૯૬૬થી ૧૯૬૮ સુધી સેન્ટ એન્ડ્રુસ હોસ્પિટલ, લંડનમાં જનરલ સર્જરી વિભાગના રજિસ્ટ્રાર તરીકે પણ રહ્યા. જનરલ સર્જરી અને ઓર્થોપેડિક સર્જરીમાં ડૉ. કૃષ્ણાનંદનો અનુભવ અને ખ્યાતિ વિસ્તર્યાં. તપસ્યાનું ફળ મળ્યું, પાકું ટબોરાં જેવું ! એડિનબર્ગની રૉયલ કૉલેજ ઓફ સર્જન્સ જેવી ગૌરવશાળી સંસ્થાએ ફૅલોશીપ ઑફર કરી. ઍફઆરસીઍસની ઉપાધિ લઈ ડૉ. કૃષ્ણાનંદ પાછા ફર્યા માદરેવતન ! યુવાન કૃષ્ણાનંદે બહુ ટૂંકા ગાળામાં બહુ મોટું નામ કમાઈ લીધું હતું.

એકાદ વર્ષ ઉમરેઠમાં અને બેએક વર્ષ અમદાવાદની કામદાર રાજ્ય વીમા યોજનાની હોસ્પિટલમાં કામ કર્યું પણ દિલને જંપ ન મળ્યો. ઊપડ્યા આફ્રિકા. ૧૯૭૨થી ૭૮ આફ્રિકા ખંડના ઝામ્બિયા દેશના ઍન્ડોલા શહેરની સેન્ટ્રલ હોસ્પિટલમાં સર્જન તરીકે સેવાઓ આપી. વતન ખંભાત પાછા ફર્યા ત્યારે ડૉ. કૃષ્ણાનંદનું ભાથું અનેક રામબાણોથી ભરેલું હતું ! યશકલગીમાં અનેક પીંછાનો ઉમેરો થયો હતો. ઈન્ટરનેશનલ કૉલેજ ઓફ સર્જન્સ (અમેરિકા)ની ફેલોશીપ, અમેરિકન કૉલેજ ઓફ સર્જન્સ (અમેરિકા)ની ફેલોશીપ, રૉયલ સોસાયટી ઑફ મૅડિસીન (લંડન)ની ફૅલોશીપ અધ ધ... વિદેશી સંસ્થાઓની ચચ્ચાર પ્રતિષ્ઠિત ફૅલોશીપ મેળવ્યા પછી કશું મેળવવાનું બાકી રહેતું નહોતું. માંહ્યલો હવે મેળવેલું સમાજને પરત આપવાનો આદેશ કરતો હતો ! ખંભાતની જનરલ હૉસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ અને સર્જન તરીકે ત્રણ વર્ષ સેવાઓ આપી, ૧૯૮૨ની પહેલી ઑક્ટોબરે ગાંધીનગર આવ્યા. આજે ડૉ. કૃષ્ણાનંદને આખું ગાંધીનગર ડૉ. ચિતણીયા સાહેબ તરીકે ઓળખે છે.

બધા કમાય છે, ચિતણીયા સાહેબ પણ ખૂબ કમાયા. સ્વાર્થ લગભગ સમાપ્ત થયો હતો, પરમાર્થનું ટાણું આવી પૂગ્યું હતું. તેઓ ધારત તો તેમના મિત્રોની જેમ તે પણ વિદેશમાં સ્થાયી થઈ શક્યા હોત ! પણ ડૉ. ચિતણીયાનું મન હવે સેવામાં પરોવાયું હતું. ગાંધીનગરની માટીમાં જાદુ છે. સેવાના બીજમાંથી ઘટાટોપ વૃક્ષ થતાં વાર લાગતી નથી. મસ્તકથી લઈ, પગની પાની સુધીના ઑપરેશનનો અનુભવ હતો. સર્જરીના આ વિશાળ અનુભવ દરમ્યાન ડૉ. ચિતણીયા એવા તારણ પર આવ્યા કે હરસ-મસાની પીડા અન્ય પીડા કરતાં સ્હેજ જૂદા પ્રકારની છે. શરમ, સંકોચ અને બેઠાડુ જીવનશૈલી વચ્ચે આ રોગ વકરતો જાય છે. અત્યંત કષ્ટદાયી રોગની ઑપરેશન દ્વારા સારવાર કરવાનું મનોમન નક્કી કરી લીધું. ૧૯૮૪થી આજ સુધી આ સેવા પ્રવૃત્તિ અંતર્ગત ડૉ. ચિતણીયાએ ગુજરાત, રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, પંજાબ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ અને આન્ધ્ર પ્રદેશમાં ખાસ કરીને હરસ-મસાના બારસો જેટલા નિઃશુલ્ક સર્જીકલ શિબિરોમાં જર્મન ટેકનોલોજીથી દોઢ લાખથી પણ વધુ દર્દીઓના ઓપરેશનો કરીને તબીબી સેવા ક્ષેત્રે નવો રાહ ચિંધીને વિક્રમજનક સીમાચિન્હો અંકિત કર્યા છે. આ ઉપરાંત ગાંધીનગરની આસપાસના ગામો જેવાં કે સરઢવ, વેડા, વરસોડા, રાજેન્દ્રનગર (સુરેશભાઈ સોની - સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ) તથા અમદાવાદની કરુણા ટ્રસ્ટની હોસ્પિટલમાં પણ ડૉ. ચિતણીયાની સેવાઓ નોંધપાત્ર રહી છે. ગજાનન સેવા સમિતિ અને ચાઈલ્ડ હેવન ઈન્ટરનેશનલ કેનેડિયન સંસ્થા (આ સંસ્થાના ભારતીય શાખાના તેઓ ૨૦૦૬થી ડાયરેકટર છે) સાથે ગુજરાતના પૂર્વ પ્રદેશના આદિવાસી ગામોની શાળાઓના બાળકોની નિયમિત આરોગ્ય ચકાસણીની સેવાપ્રવૃત્તિ ૧૯૯૯થી આજ સુધી ડૉ. ચિતણીયા અવિરતપણે કરી રહ્યા છે. તેઓ થિયોસોફિકલ સોસાયટી એન્ડ ઑર્ડર ઑફ સર્વિસ, ઝામ્બિયા તથા સર્જીકલ ઍસોસિએશન ઑફ ગાંધીનગરના સ્થાપક પ્રમુખ છે. ખંભાત અને ગાંધીનગરની લાયન્સ ક્લબના સક્રિય સભ્ય, ખંભાત મૅડિકલ ઍસોસિએશનના પ્રેસીડેન્ટ અને ઝામ્બિયા ઈન્ડિયા ફ્રેન્ડશીપ એસોસિએશન-ન્ડોલાના જનરલ સેક્રેટરી રહી ચૂક્યા છે. અગણિત સર્ટીફિકેટો, સ્મૃતિચિન્હો અને એવોર્ડ્સ તેમના દીવાનખંડની શોભા વધારી રહ્યા છે, જેમાં મુખ્યત્વે તબીબી ક્ષેત્રે સેવા બદલ રૂા. ૫૦૦૦ના રોકડ પુરસ્કાર સાથે ગુજરાત સરકાર દ્વારા એનાયત થયેલ પ્રમાણપત્ર (૨૦૦૩), ભારત જ્યોતિ એવોર્ડ ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફ્રેન્ડશીપ સોસાયટી, ન્યૂ દિલ્હી (૨૦૦૩), નોન ગવર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયા, વડોદરા (૨૦૦૪), બીએપીએસ કેલોફોર્નિયા-અમેરિકા (૨૦૦૬), ભારતીય સેવાસમાજ-વડોદરા (૨૦૦૭), હ્યુમન સર્વિસ ટ્રસ્ટ-મોરેશિયસ (૨૦૦૮), સિન્ધુ વેલફેર સોસાયટી-જયપુર (૨૦૧૨) અને વિશ્વ શ્રીમાળી સોની ડૉક્ટર્સ એસોસિએશન તરફથી મળેલ લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ છે.

સામાન્ય રીતે મોટા ડૉક્ટરો કે સર્જનો ઈઝીલી એપ્રોચેબલ હોતા નથી. ડૉ. ચિતણીયાના કેસમાં આ ધારણા ખોટી પડે છે. તેઓ તદ્દન લો પ્રોફાઈલ છે. અત્યંત મિલનસાર અને શાલીન વ્યક્તિત્વના ધણી છે. પ્રેમથી સલામ કરવી ગમે તેવા છે. ૭૮ વર્ષે એક યુવાનને શરમાવે તેવો તરવરાટ ધરાવે છે. તેઓ જેટલું ઋગ્ણોનું ધ્યાન રાખે છે તેટલું ધ્યાન (સપ્તપદી વેળા આપેલ વચન મુજબ) પત્ની ડૉ. સુવીણાનું પણ રાખે છે. મેં તેમને ઘરકામમાં મદદ કરતાં જોયા છે. તેઓ ચાલતા નથી, દોડે છે ! કવચિત્ નજીકના કેમ્પોમાં પત્નીને સાથે રાખે છે. તબીબ પત્ની હોવાનો તેમને આ મોટો ફાયદો છે ! કેમ્પોમાં હરસ-મસાના ઓપરેશનો કરતી વેળા તેઓ પોતાની ભૂખને ભૂલી જાય છે. તેમને નવરાશ ક્યારે મળતી હશે તે ખબર નથી પણ તેઓ નવરાશના સમયમાં અભ્યાસપૂર્ણ લેખો, ચિંતનાત્મક સંબંધો, સંશોધનાત્મક પેપર્સ, વિવિધ રોગોની સંપ્રાપ્તિ અને તેના ઉપચારો ઉપરાંત આધ્યાત્મિક વિષયો ઉપર અઘરું અઘરું બહુ લખે છે. વિદેશમાં દામ કમાવવા કરતાં દેશમાં નામ થવાની ઘટનાને તે જરા જૂદી રીતે જુએ છે. આંધળી કમાણી પાછળ ગાંડી દોટ મૂકતા હરકોઈ તબીબ માટે તેઓ દીવાદાંડી સમાન છે.



પિતા મંગળદાસ પાસેથી સંસ્કારનો વારસો અને ધર્મગુરુ સ્વામી કૃષ્ણાનંદ (યોગાનુયોગ ગુરુશિષ્યના નામમાં સમાનતા) પાસેથી આશીર્વાદ મેળવેલા ડૉ. ચિતણીયા હરસ-મસાના ઓપરેશનો પળવારમાં ચમત્કારિક રીતે કરી શકે છે. અત્યંત કષ્ટ-પીડાથી ત્રસ્ત દર્દી ગણતરીની પળોમાં ઓપરેશન થિયેટરમાં હસતોહસતો બહાર આવે તે જોવાનો પણ એક લ્હાવો છે. અનેક વીવીઆઈપીના હરસ મસા દૂર કર્યાના તેના અનુભવો સાંભળવા ગમે તેવા છે ! આ આગવો માણસ આપણો માણસ છે તેનું ગૌરવ આપણને ન હોય તો બીજા કોને હોય !

વિચારકણિકા :

**Life will become much easier when we know which hands to shake and which to hold !!**